# અમદાવાદનું કાપડબજાર સજ્જડ બંધ

## ગુજરાતભરના કાપડબજારના વેપારીઓની પણ પોલીસ અત્યાચારના વિરોધમાં જડબેસલાક હડતાળ ઉપર ઉતર્યા

અમદાવાદ, તા.૪

સુરતમાં ગઈકાલે જીએસટીના વિરોધમાં દેખાવો કરી રહેલા નિર્દોષ વેપારીઓ પર પોલીસના લાઠીચાર્જની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત આજે અમદાવાદ સહિત રાજયભરમાં જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં તમામ કાપડબજારોએ સરકાર અને પોલીસના દમનકારી વલણના વિરોધમાં જીએસટી હટાવોની માંગ સાથે સજ્જડ બંધ પાળ્યો હતો. સુરતના કાપડના વેપારીઓ પર પોલીસ અત્યાચાર અમાનવીય રીતે લાઠીચાર્જના વિરોધમાં અમદાવાદ શહેરમાં આજે મસ્કતી માર્કેટ, ન્યુ કલોથ માર્કે, ઘંટાકર્ણ મહાવીર માર્કેટ, પાંચકૂવા સિંધીમાર્કેટ, સફલ-૧,૨ અને ૩, હરિઓમ-૧ અને ૨, સુગ્નોમલ માર્કેટ, મુરલી મનોહર માર્કેટ સહિતના તમામ કાપડબજારો આજે જડબેસલાક રીતે બંધ રહ્યા હતા. સુરતની ઘટનાના વિરોધમાં અમદાવાદના વેપારીઓએ જોરદાર વિરોધ પ્રદર્શિત કરી સ્વયંભુ બંધ પાળ્યો હતો. રાજયભરમાં પણ આ જ પ્રકારની બંધની પરિસ્થિતિ જોવા મળી હતી.

દરમ્યાન મસ્કતી માર્કેટના પ્રમુખ ગૌરાંગ ભગત અને કાપડબજારના અગ્રણી રમેશભાઈ ગીડવાણીએ જણાવ્યું હતું કે, સુરતના વેપારીઓ શાંતિપૂર્વક ગાંધીચિંધ્યા માર્ગે જીએસટીના વિરોધમાં દેખાવો કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમની પર અમાનવીય રીતે લાઠીચાર્જ કરી ભારે દમન અને અત્યાચાર ગુજાર્યો છે, જે કોઈપણ રીતે સાંખી લેવાય નહી. આ સમગ્ર ઘટના નિંદનીય અને વખોડવાલાયક છે. પોલીસ દમનના પ્રકરણમાં જે કોઈ કસૂરવાર પોલીસ કર્મચારી કે અધિકારીઓ હોય તેઓની વિરૂધ્ધમાં શિક્ષાત્મક પગલા લેવાવા જોઈએ. સુરતમાં કાપડબજારના વેપારીઓ પર પોલીસદમનની ઘટના બાદ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને હવે વેપારીઓ બમણા જોરથી જીએસટીની લડતને વેગવંતી બનાવવાના મૂડમાં આવી ગયા છે. વેપારીઓએ હાલ પૂરતો કાપડ પરનો જીએસટી મોકૂફ રાખવા માંગણી કરી છે, કારણ કે, ઘણા વેપારીઓના તો જીએસટી નંબર પણ હજુ આવ્યા નથી. કાપડ, મેન મેઈડ ફાઈબર, તમામ પ્રકારના યાર્ન, ફેબ્રીક્સ સહિત પાંચથી ૧૮ ટકા કે તેથી વધુનો જીએસટી લાગુ થવાથી કાપડબજારની કમર તૂટી જાય તેમ છે, ખાસ કરીને નાના વેપારીઓનું અસ્તિત્વ મટી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ હોઈ વેપારીઓએ જીએસટી હટાવોની માંગના નારા લગાવ્યા હતા.



## ગૌરીવ્રતમાં જીએસટીનું ગ્રહણ લાગ્યુ...

કુંવારીકાઓના વ્રત ગૌરીવ્રતનો આજથી પ્રારંભ થઈ ગયો છે. જેમાં કુંવારીકાઓ ઉપવાસ કરી ભગવાનની ઉપાસના કરતી હોય છે અને ગૌરીવ્રતમાં ખાવુ-ખરીદવાનુ મોંઘુ બન્યુ છે. ૧ જુલાઈથી સમગ્ર દેશમાં જીએસટી લાગુ પડતા સૂકામેવાના ભાવમાં કિલોએ ૪૦ થી ૬૦ રૂપિયા સુધીનો અસહ્ય ભાવ વધારો થતા લોકો સૂકોમેવા દરસાલ કરતા ચાલુ વર્ષે ખરીદી કરવામાં અંકૂશ લાવી દીધો છે. ગ્રોરીવ્રત કરતી બાળાઓને જીએસટીના પગલે સૂકા મેવાના બદલે અન્ય ફરાળી ચીજવસ્તુઓ ખરીદવા મનમનાવી લીધુ હોય તેવુ લાગી રહ્યું છે.

## મોડાસા એમ.એસસી કોલેજનું ગૌરવ

ધી. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતિ વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના વિદ્યાર્થીઓ શર્મા ઉર્વી એસ. યુનિ. પ્રથમ, રહેવર કવિતા એસ. યુનિ. ચોથો, સોલંકી પાયલ આર. યુનિ. ઠઠ્ઠો, પુરોહિત નીલ આર. યુનિ. સાતમો, તેમજ પ્રણામી ફાલ્ગુની ડી. યુનિ. આઠમો એમ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ-જુન-૨૦૧૭ની સેમેસ્ટર ૮ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ૧ થી ૧૦માં મોડાસા કોલેજના ૫ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં સ્થાન પામી કોલેજ, મંડળ તેમજ મોડાસા શહેરનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદી, સુરેન્દ્રભાઈ જે. શાહે કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ, વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.



## મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે પગી ફરીયામા કેટલાય વર્ષોથી ગામમા જવાનો રસ્તો બીસ્માર હાલતમાં

મેઘરજ તાલુકામા આવેલ ભેમાપુરના એક પગી ફરીયામા ૭૦ થી વધુ મકાન ધરાવતું ફળિયું આવેલ છે જેમા આસરે ૩૫૦ જેટલી વસ્તી ધરાવે છે જેમા એક માત્ર રસ્તો આવેલ છે તે પણ બીસ્માર હાલતમા છે. પગી ફળીયામાથી ધનીવાળા સુધી જવા માટે આશરે ૩ કી.મી ચાલીને જવુ પડે છે અને વરસાદ પડે ત્યારે ગામના લોકોને મુસીબતનો સામનો કરવો પડે છે તેવામાં બાળકોને સ્કલે જવા, ડેરીમા દૂધ ભરાવા અને ગામમા કોઈ વ્યકતી બીમાર પડે ત્યારે કોઈ સાધન આ રસ્તા ઉપર ચાલી નથી સકતા અંતે ગ્રામજનોના જણાવ્યા અનુસાર અવારનવાર તંત્રને રજુઆત કરવા છતા તંત્ર ધ્વારા કોઈ પણ જાતના પગલા ન ભરાતા લોકો રોષે ભરાયા છે.

# એમ્બ્યુલન્સ ડ્રાઈવરને એટેક આવતા વાન પુલથી ખાબકી

અમદાવાદ, તા.૪

શહેરની સિવિલ હોસ્પિટલમાંથી મૃતક અને તેના પરિવારજનોને લઈને નીકળેલી એમ્બ્યુલન્સ વાનના ડ્રાઈવરને જ હાર્ટ એટેક આવતાં બાવળાના રામનગર પાટિયા પાસે એમ્બ્યુલન્સ વાન નાના પુલ પરથી નીચે ખાબકતા સર્જાયેલા અકસ્માતમાં ડ્રાઈવર અને વાનમાં બેઠેલ મહિલાનું મોત નીપજયુ હતું.

જયારે પાંચથી વધુ લોકોને ઈજા પહોંચતા તેઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ વિચિત્ર અકસ્માતને પગલે લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. સૌકોઈમાં એરરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં બાવળા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. અકસ્માતના આ બનાવની વિગત એવી છે કે, મૂળ ચોટીલાના હરણ્ય ગામનો એક પરિવાર તેમના સ્વજનનું અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ નીપજયુ હોઈ તેમની લાશ લઈને એમ્બ્યુલન્સ વાન ભાડે કરી રાજકોટ જવા આજે વહેલી સવારે નીકળ્યા હતા.

જો કે, એમ્બ્યુલન્સ વાન બાવળાના રામનગર પાટિયા નજીક પહોંચતા અચાનકન વાનના ડ્રાઈવરને હાર્ટ એટેક આવ્યો હતો. જેને પગલે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને વાન અચાનક જ નાના પુલ પરથી નીચે ખાબકી હતી. જેને પગલે વાનમાં બેઠેલા લોકો પણ કંઈ સમજે તે પહેલા ગમખ્વાર અકસ્માત સર્જાઈ ગયો હતો. ડ્રાઈવર અને વાનમાં બેઠેલી મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજયુ હતું. જયારે અન્ય પાંચથી વધુ લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માત જોઈ લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા, હાઈવે પરથી પસાર થઈ રહેલા વાહનચાલકો પણ તેમના વાહનો સાઈડમાં રોકી બચાવ માટે મદદે દોડી આવ્યા હતા. સૌકોઈમાં એરરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અકસ્માતની જાણ થતાં બાવળા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.





અરવલ્લીના મોડાસા ખાતે કલેક્ટરની અધ્યક્ષસ્થાને ૨૦૧૭ની ચૂંટણી માટે મતદાર સુધારણા યાદીમાં નોંધણી, સુધારા સહિતના મુદ્દાઓને લઈ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. ચાલુ માસના દર રવિવારે ૧૧૦૦થી વધુ મતદાન મથકો પર વહીવટીતંત્ર દ્વારા આ ઝુંબેશ ચલાવવાના હોઈ તે માટે દરેક વ્યક્તિઓ લાભ લે તે ઉપરાંત મતદાર સુધારણા સંબંધિત તમામ કામગીરી હાથ ધરવામાં આવશે અને આગામી તમામ ચૂંટણીઓમાં ૧૦૦ ટકા મતદાન કરી લોકશાહીના આ મહાપર્વને ઉજવવા અપીલ કરી હતી.

# મોડાસા જમાતે ઈસ્લામ દ્વારા ઈદે-મીલન કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૪

મોડાસામાં ટાઉનહોલ ખાતે રવિવારના રોજ જમાતે ઈસ્લામ દ્વારા ઈદે-મીલન કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પાલનપુરના પ્રસિદ્ધ શાયર મુસાફીર પાલનપુરા, ડૉ. હરિભાઈ પટેલ, ડૉ. પટીવાલા અને રથયાત્રા સમિતિના પ્રમુખ અને જીવદયાપ્રેમી નિલેશ જોષી ઉપસ્થિત રહ્યા હતા. શહેરમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. આ કાર્યક્રમમાં હિન્દુ મુસ્લિમમાં સદભાવના વધે તે માટે અરસ-પરસ સંવાદ કરી અને એકબીજાના ધર્મને માન-સન્માન આપી દેશ પ્રેમ, ભાઈચારો અને આતંકવાદ કંઈ રીતે બંધ થાય તેવા વિષયો ઉપર સંવાદ થયા હતા. મુસાફીર પાલનપુરી પોતાની આગવી શૈલીમાં શેર, શાયરી, કવિતાથી ભાઈચારાની ભાવના વધે તેવુ વક્તવ્ય આપ્યુ હતુ. ડૉ. હરીભાઈ દેસાઈએ બૌદ્ધ, ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મમાં થઈ ગયેલા મહાન પુરૂષોના દાખલા ટાંકી સદભાવનાની વાત કરી હતી. નિલેશ જોષીએ ૨૦૦૨ પછીનુ એક નવુ મોડાસા એટલે સહકાર સેવા, સદભાવનાનુ મોડાસા. મોડાસાએ પોતાની હિન્દનુ મુસ્લીમ એકતાની છાપ ઉભી કરી છે એવુ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં જમાતે ઈસ્લામ હિંદ મોડાસાના પ્રમુખ અબુબકર શેઠ, નિશાર શેઠ, મદની શેઠ, ડૉ. મલકજી, અને સભ્યોએ સફળ બનાવ્યો હતો. જ્યારે વરસતા વરસાદમાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને બિરદાવ્યો હતો.




## બેંક ચોરી થતી અટકાવતી થરા પોલીસ

પોલીસ અધિક્ષક બનાસકાઠાં, પાલનપુર નીરજકુમાર બડગુજર તથા મદદનીશ પોલીસ અધિક્ષક દિયોદર વિભાગ દિયોદર અક્ષયરાજ મકવાણાએ સુચના મુજબ મિલકત સબંધી ગુનાઓ અટકાવવા માટે થરા પો.સ્ટે.ના પોસઈ એ.ડી. પરમારે નાઈટ દરમ્યાન વધુમાં વધુ પોલીસ નાઈટ ફરજ સોંપતા આજરોજ થરા માર્કેટયાર્ડના નાકા ઉપર આવેલ દેનાબંકમાં રાત્રીના ક. ૨.૦૦ના સુમારે કોઈ અજાણ્યા ઈસમોએ ગેસ કટરથી બેંકની બારીના સળીયા કાપી અંદર પ્રવેશ કરી સ્ટ્રોંગરૂમનો નકુચો તોડતા બેંકમાં સાયરન વાગતા સાયરનનો અવાજ સાંભળી નાઈટના પોલીસના માણસો તથા હોમગાર્ડના માણસો આવી જતા આરોપીઓ પોતાનો ગેસકટરનો સામાન તથા ગેસના બાટલા ૨ મુકી નાસી ગયેલ છે. આમ થરા પોલીસની સતર્કતાથી થરા દેનાબેંકમાં મોટી ચોરી થતા અટકાવેલ છે.

### નવો અધ્યાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદી પાંચમી જુલાઈના દિવસે ઈઝરાયેલા પ્રમુખ અને વિપક્ષના નેતા પણ મળશે. વડાપ્રધાન મોદીએ હિબ્રુ ભાષામાં પોતાના ભાષણની શરૂઆત કરી હતી.

તેમણે કહ્યું હતું કે, તેમને પ્રથમ વડાપ્રધાન તરીકે ઈઝરાયેલની યાત્રા કરવાનું સૌભાગ્ય મળ્યું છે. ભવ્ય સ્વાગત માટે તેઓ આભાર માને છે. ઈઝરાયેલ ભારતના મુખ્ય ભાગીદાર તરીકે છે. ત્રાસવાદની સામે બંને દેશો સાથે મળીને કામ કરી શકે છે. તેમની આ યાત્રા ઐતિહાસિક છે. બંને દેશોની જનતા માટે આ યાત્રા ખુબ જ શાનદાર રહેનાર છે. અમે સૌથી જુની સભ્યતાના સૌથી યુવા દેશ તરીકે છે. મોદીના કાર્યક્રમોમાં ૨૬-૧૧ મુંબઈ હુમલામાં જીવિત બચી ગયેલા મોસેને મળવાનો પણ કાર્યક્રમ છે. તેમને ભારતીય મહિલા સેન્ડ્રા દ્વારા બચાવી લેવાયા હતા. પાંચમી જુલાઈના દિવસે મોદીના જુદા જુદા કાર્યક્રમો રહેલા છે. મોદી અને નેતાન્યાહૂ વચ્ચે શિખર વાતચીત થનાર છે જેમાં વિકાસ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને અંતરિક્ષના ક્ષેત્રમાં ઘણી સમજૂતિ થઈ શકે છે. કૃષિ ક્ષેત્રમાં પણ સહકાર કરવામાં આવનાર છે. મોદી હાલમાં જ અમેરિકા પહોંચ્યા હતા જ્યાં તેમનું અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદીની ઈઝરાયેલ યાત્રાને લઈને તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

### તક મળવી જોઈએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે તો રૂપિયા કઈ રીતે જમા કરાવી શકે છે. કોર્ટે કહ્યુ છે કે આવી સ્થિતીમાં સ્થિતીને સમજીને આવા લોકોને કોઈને કોઈ વિન્ડો આપવાની ચોક્કસપણે જરૂર છે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી બાદ કેન્દ્ર સરકારે જવાબ આપવા માટે બે સપ્તાહની મહેલત માંગી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા એક મહિલાની અરજી પર સુનાવણી હાથ ધરી છે. મહિલાએ દલીલ કરી હતી કે તે નોટબંધીના ગાળા દરમિયાન હોસ્પિટલમાં હતી. તેને બાળકને જન્મ આપ્યો હતો. જેથી તે નિર્ધારિત સમય સુધી પૈસા જમા કરી શકી ન હતી. આ અગાઉ ૨૧મી માર્ચના દિવસે કોર્ટે કબુલાત કરી હતી કે જુની નોટ જમા કરવા માટે એક વિન્ડો મળવી જોઈએ. સુપ્રીમ કોર્ટ દ્વારા સૂચન કરવામાં આવ્યા બાદ કાયદાકીય નિષ્ણાતોમાં પણ ચર્ચા છે. તમામ લોકો જાણે છે કે, સરકારે ૮મી નવેમ્બરથી લઈને ૩૦મી ડિસેમ્બર સુધી જુની નોટ જમા કરવા માટે તક આપી હતી.

### ટેક્સ રહેશે નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમઆરપી અલગથી લખવાની જરૂર પડશે. કોઈપણ ચીજવસ્તુના એમઆરપીમાં તમામ ટેક્સ સામેલ કરવામાં આવશે. આના માટે અલગથી કોઈ પ્રકારના ટેક્સની વસુલી કરી શકાશે નહીં. અઢિયાએ એમ પણ કહ્યું હતુ કે, લોકો એવા પ્રશ્ન પુછી રહ્યા છે કે, જો ૨૦ લાખથી ઓછાના ટર્નઓવરવાળા કારાબોરીઓથી જીએસટી લેવામાં આવશે નહીં તો સરકારને કમાણી કઈ રીતે થશે. તેમણે ઉમેર્યું હતું કે, હોલસેલ દુકાનદારથી રિટેલરને ચીજવસ્તુ વેચાણ પર સરકારને ટેક્સ મળે છે પરંતુ કમ્પોઝિશન અથવા છુટછાટ હાસલ કરનાર ડિલરોને આની જરૂર હોતી નથી. તેમણે ઉમેર્યું હતું કે, જો અમે નાના રિટેલર્સથી ટેક્સ લઈ રહ્યા નથી તો પણ તેઓ અમને હોલસેલ દુકાનદારથી ચીજવસ્તુ વેચાણ પર મળી જાય છે. અઢિયાએ કહ્યું હતું કે, જીએસટીના યોગ્ય અમલીકરણ ઉપર નજર રાખવા માટે સરકારે ૧૫ વિભાગોના સચિવોની એક કમિટિની રચના કરી છે. કુલ ૧૭૫ અધિકારીઓને આ કામમાં લગાવવામાં આવ્યા છે. એક અધિકારી પાસે ચારથી પાંચ જિલ્લાની જવાબદારી રહેશે. જીએસટી બાદ કિંમતો અને સપ્લાય પર સરકારની નજર છે.

### ચેક પોસ્ટ હટાવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અડચણો પણ દૂર થઈ જશે. વર્લ્ડ બેંકની વર્ષ ૨૦૦૫ની રિપોર્ટ કહે છે કે, વાર્ષિક નવ અબજથી લઈને ૨૩ અબજ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હતું. ઓપરેટિંગ આવર્સના નુકસાનને ટાળવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા. અલબત્ત આ આંકડામાં તમામ ચેકપોસ્ટથી નિકળનાર ટ્રક તરફથી આપવામાં આવતી લાંચની રકમનો સમાવેશ કરાયો નથી. જો આ આંકડાઓ સામેલ કરવામાં આવે તો ૯૦૦ કરોડથી લઈને ૭૨૦૦ કરોડ સુધી આંકડો પહોંચે છે. ૫૦૦૦૦ રૂપિયાથી વધુની ચીજવસ્તુઓને એક રાજ્યથી બીજા રાજ્યમાં લઈ જવા માટે હવે જીએસટી નેટવર્કની વેબસાઈટ ઉપર ઓનલાઈન નોંધણી કરાવવાની ફરજ પડશે. આ પ્રસ્તાવ હેઠળ જીએસટી એન મારફતે જે ઈ-વે બિલ જનરેટ થશે તે ૧થી ૧૫ દિવસ સુધી માન્ય રહેશે.

### મનપાની દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બ્લોકનું કામ સ્થાયી સમિતિના ચેરમેનને થયેલ ગ્રાન્ટમાંથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ બેઠકમાં મોબાઈલ ટોઈલેટ તેમજ ટોઈલેટ બ્લોકના મેઈન્ટેનન્સ અને તે માટે મેનપાવર સપ્લાય સહિતના કામ માટે રિ ટેન્ડરીંગ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ કામ હજુ બે ત્રણ માસ પહેલાં જ નવી એજન્સીને સોંપવાનો નિર્ણય લેવાયો હતો જે ઉલ્લેખનીય છે.

સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના ૧૧ જેટલા વિસ્તારોમાં કોન્યુનીટી ટોઈલેટ બનાવવા માટેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે.

આ ઉપરાંત મનપા વિસ્તારમાં રોડની સફાઈ માટે સારૂ મિકેનાઈઝ રોડ સ્વીપર ખરીદી ઓપરેશન અને મેઈન્ટેન્સ પદ્ધતીથી સંચાલન માટે આપવાનો પણ નિર્ણય લેવામાં આવેલ છે.

ચોમાસુ આવતાં જ નવા વૃક્ષારોપણ માટે રૂ. ૫૪૨ની કિંમતથી ટ્રી ગાર્ડ ખરીદવાનો પણ નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

### કર રદ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે પ્રસાદ અને પુજા આસ્થાનુ પ્રતિક છે. જયારે મંદિરના પુજારીઓ તેમજ કર્મકાંડ કરતા બ્રાહ્મણોનો નિભાવ પણ પુજા સામગ્રી પર થાય છે. જેના લીધે તેમના ઘરનુ ગુજરાન પણ ચાલતુ હોય છે. આવા સંજોગોમાં પ્રસાદ અને પુજાની સામગ્રી પર કર લાદવામાં આવતા ધર્મ પ્રેમીઓનુ દિલ દુભાયુ છે. જયારે વધારના કરની અસરથી આર્થિક બોજો પડતા આમ નાગરિકો ધર્મથી દુર થશે. અને સમાજ અને મંદિરોના નિભાવ તેમજ મંદિરના પુજારીની આવક પર અસર પડશે. જયારે રાજા રજવાડા તેમજ અંગ્રેજોના સમયમાં પણ મંદિરોની પુજા સામગ્રી પર કરબોજો નાંખવામાં આવતો ન હતો. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી કરનાબુદી કરવા માટે માંગણી કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળે પણ આ મામલે અગાઉ વિરોધની લાગણી વ્યકત કરી હતી. જયારે કર રદ કરવા પણ માંગ કરી છે. કેન્દ્રીયમંત્રી અરૂણ જેટલીને પણ આવેદન પત્ર આપી કર રદ કરવા રજુઆત કરી છે. ત્યારે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વરા પણ કેન્દ્ર સરકાર દ્વારા નવા નિયમ અમલી બનાવવમાં આવે અને કર રદ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી કરવામાં આવી છે.

### બેઠક મુલત્વી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમિતિમાં પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ એ સમિતિના સભ્ય છે એ ઉલ્લેખનીય છે. જિલ્લા પંચાયતમાં વહીવટીય વિવાદ આ શાખાને લઈ સામાન્ય સભામાં પણ તે ગાજ્યો હતો તે ઉલ્લેખનીય છે.

આ બાબતે પ્રભારી મંત્રીને પણ અલગથી લેખિતમાં રજુઆત કરી પગલાં લેવા માટે કહેવાયુ હોવાનુ જાણવા મળેલ છે.

### ડિઝાઈનનું સર્જન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજના યુગમાં ડ્રેસીંગ સેન્સ હજુ જોઈએ તેવી કેળવાઈ નથી. મોડલની સાથે કાસ્ટીંગ ડાયરેકટર અને ઈમેજ કન્સલટન્ટ તરીકે ઓળખાતા ઈમામ ડાન્સીંગ અને ફોટોગ્રાફીમાં પણ ઉંડો રસ ધરાવે છે. જસ્સી જૈસી કોઈ નહીં શ્રેણીના જસ્સી ઉર્ફે મોનાસિંગને ટી વી શો માં તક આપનાર ઈમામે વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવાની તકો અંગે પણ માર્ગદર્શન આપ્યુ હતુ. વિદ્યાર્થીઓ પણ ઈમામના માર્ગદર્શનથી ખુબ જ પ્રભાવિત થયા હતા. આઈ એન આઈ એફ ડી સેન્ટરના વિશાલ મકવાણાએ પણ આ તબક્કે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.